# CHARUTTAR EDUCATION AND NAVRACHANA TRUST - ANAND

Near Sankara Eye Hospital, N.H. No. 8, Ramnagar Road,
Village Mogar, Anand-388 340
Ph: 02692-280028/38/48 Fax: 280048
E-mail: info@centanand.org www.centanad.org

Regd. No. : F/1183/Anand
Regd. No. : GUJ/1227/Anand


No. CD/AIGATE/2020/01

Dated: 30th Nov 2020

Circular - AIGATE course No C1/2020 reg.

Reference- (1) AIGATE notification no. ED/Admin/AIGATE/2020/223 dtd. 30/9/2020 published on CENT web site
(2) Notification regarding Rules and Regulation of AIGATE,
No. CENT/Admin/AIGATE/2020/33 dtd. 26/10/2020

પ્રતિ,

**C1 / 2020 કોર્સ ના તમામ ઉમેદવારોને ( www.centanand.org) પર ઉપલબ્ધ સૂચિ મુજબ) આગામી યુપીએસસી (UPSC) 2021 પ્રિલિમીનરી/GPSC પરીક્ષાની તૈયારી માટે આઈગેટ (AIGATE) ખાતેની પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ (Pass/ qualify) થવા બદલ** અભિનંદન.

મોગર , આણંદ કેમ્પસ ખાતે ચારૂત્તર એજ્યુકેશન એન્ડ નવરચના ટ્રસ્ટ, દ્વારા સંચાલિત ઓલ ઈન્ડિયા, સેન્ટ્રલ સર્વિસીસ અને જી.પી.એસ.સી. એપ્ટિટ્યૂડ ટ્રેનિંગ એન્ડ એક્ઝામિનેશન (આઈગેટ) દ્વારા લેવાએલી C1 / 2020 કોર્સ માટે ની પ્રવેશ પરીક્ષા ના પરિણામ બાદ સફળ થયેલા ઉમેદવારો નું ફાઇનલ લિસ્ટ www.centanand.org મૂકવામાં આવેલ છે અને ૪૪ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે અને કોર્સ માટે કન્ફર્મેશન (confirmation) મળેલ છે તથા બાકીના ઉમેદવારોની કન્ફર્મેશન (confirmation) પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં સમાપ્ત થશે.

**કોર્સ No. C1/2020 (17/12/20 – 31/8/ 21) ના બધા ઉમેદવારો માટે કોર્સની નીચે મુજબ સૂચના આપવામાં આવે છે તથા આ પ્રમાણે કાર્યવાહી કરવા તમામ ઉમેદવારોને આ પરીપત્રક દ્વારા જણાવવામાં આવે છે જેની નોંધ લેવી.**

૧) જે ઉમેદવારોએ www.centanand.org / www.djmit.ac.in વેબસાઇટ પર ઉપલબ્ધ સૂચિ મુજબ પ્રવેશ કન્ફર્મેશન (confirmation) કરેલ છે તેમને નીચે વિગતો મુજબ ફક્ત કોર્સ ફી ચૂકવવા વિનંતી છે .

વિગતો-

(i) રકમ – Rs. ____________

(ii) બેન્કનું નામ: Bank of Baroda

(iii) શાખાનું નામ: Amul Dairy Road Branch

(iv) ખાતાનું નામ : IYIPASS ANAND

(v) ખાતા નં. : 09400100030929

(vi) IFSC કોડ: BARB0ANASTA

(vii) ખાતાનો પ્રકાર : Savings

2) હોસ્ટેલની ફી ફક્ત હોસ્ટેલમાં નિવાસ માટે નોંધાયેલા ઉમેદવારોના હોસ્ટેલમાં રહેવા માટે આવ્યાની તારીખથી લેવામાં આવશે. કોવીડ-19 ના કારણે, હોસ્ટેલની રહેવાની વ્યવસ્થામાં વિલંબ થાય, તે કિસ્સામાં હોસ્ટેલની ફીમાં ઘટાડો કરવામાં આવશે.

3) ગુજરાતમાં કોવિડ રોગચાળાની છેલ્લા કેટલાક દિવસોની સ્થિતિને ધ્યાનમાં લેતા, આઈગેટ મેનેજમેન્ટે અગાઉ જાહેર કરેલ તારીખ મુજબ 3/૧૨/૨૦ ને બદલે ૧૭ મી ડિસેમ્બર ૨૦૨૦ થી કોર્સ શરૂ કરવાનું નક્કી કર્યું છે.

4) અભ્યાસ વર્ગો, લાયબ્રેરી, અધ્યાપકો અને અન્ય તમામ તૈયારી આઈગેટ કેમ્પસમાં પૂર્ણ થઈ ગઇ છે, જો કે, અભ્યાસક્રમ ચલાવવા માટે કોવિડ પ્રોટોકોલની કાળજી લેવી જરૂરી છે. આઈગેટ મેનેજમેન્ટ સક્ષમ અધિકારીઓ સાથે સંપર્કમાં છે. જો કોવિડને કારણે

**CHARUTTAR EDUCATION AND NAVRACHANA TRUST - ANAND**

Near Sankara Eye Hospital, N.H. No. 8, Ramnagar Road,
Village Mogar, Anand-388 340
Ph: 02692-280028/38/48 Fax: 280048
E-mail: info@centanand.org www.centanad.org

Regd. No. : F/1183/Anand
Regd. No. : GUJ/1227/Anand

૧૭ ડિસેમ્બર, ૨૦૨૦ થી વર્ગો શરૂ થઇ શકે તેમ નહિ જણાય તો તેવા સંજોગો માં આઈગેટ કેન્દ્ર ઓનલાઇન તાલીમ અને કોચિંગ (Online training) સત્રો શરૂ કરશે.

5) ઓન લાઇન કોચિંગની વિગતો અલગથી સૂચિત કરવામાં આવશે જેથી કોર્સના બધા ઉમેદવારો વર્ગોમાં ભાગ લઈ શકશે.

6) કોઈ ઉમેદવારની કોવિડ-19 દરમિયાન, વિનંતી પ્રાપ્ત થાય તો હોસ્ટેલમાં રોકાવાની ઇચ્છા ધરાવતા કોઈપણ ઉમેદવારની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે. ઉમેદવારોએ સરકારી દવાખાનાના મેડિકલ ઓફિસર તરફથી પ્રમાણિત 'કોવિડ નેગેટિવ સર્ટિફિકેટ' આપવાની જરૂર રહેશે જે હોસ્ટેલમાં આવવાના 2-દિવસથી વધુ જુનું ન હોવું જોઈએ. આવા કિસ્સામાં, કોવિડ -19 પ્રોટોકોલના પાલન સાથે કોચિંગ માટે ફેકલ્ટીને ઉપલબ્ધ કરી શકાશે. જો આવા ઉમેદવારો કેમ્પસમાં રહેવા અને તૈયારી કરવા માટે આ વિકલ્પ પસંદ કરે તો અને આવી અરજી / વિનંતી પ્રાપ્ત થાય , તો તેની સમીક્ષા કરવામાં આવશે અને નિર્ણય લેવામાં આવશે. જો પૂરતા ઉમેદવારો આવા વિકલ્પને પસંદ કરે તો ખોરાક અને અન્ય સુવિધાઓ પ્રદાન કરવામાં આવી શકે છે.

7) તમામ ઉમેદવારોને નોંધ લેવા વિનંતી કે, C1/2020 નો કોર્સ જે સમયગાળો આગામી યુપીએસસી 2021 પ્રિલિમ્સ / જી.પી.એસ.સી. પરીક્ષાની તૈયારી માટેનો છે તે 17 મી ડિસેમ્બર 2020 થી 31 ઓગસ્ટ, 2021 સુધી અથવા યુ.પી.એસ.સી.ના વર્ષ 2021 માટેના પ્રિલિમ પરીક્ષાનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી જ છે. જીપીએસસી દ્વારા જાહેર કરવામાં આવેલી જીપીએસસી પ્રિલીમ પરીક્ષાની કોઈ ચોક્કસ તારીખ ન હોવાના કારણે જીપીએસસી પરીક્ષા માટેની તૈયારી માટે પણ 17 મી ડિસેમ્બર 2020 થી 31 ઓગસ્ટ, 2021 સમયગાળો છે.

8) તમામ ઉમેદવારોને નોંધ લેવા વિનંતી કે, આ કોર્સ ફી અને કોર્સનો સમયગાળો ફક્ત યુપીએસસી પ્રિલીમ પરીક્ષા અને જી.પી.એસ.સી.ની પ્રિલીમ પરીક્ષા માટેનો છે.

9) યુ.પી.એસ.સી. પ્રિલીમ પરીક્ષાનું પરિણામ આવ્યા પછી પ્રિલીમ પરીક્ષા ક્લિયર કરનારાઓ માટે આઈગેટ દ્વારા મેઇન્સ પરીક્ષા માટેનો અલગ અભ્યાસક્રમ અને મૌખીક પરીક્ષાની (ઇન્ટરવ્યુ) તૈયારી કરાવવામાં આવશે. કોચિંગ વર્ગોની અવધિ, અભ્યાસક્રમની ફી અને કોચીંગ ક્લાસની પદ્ધતિ યોગ્ય સમયે અલગથી સૂચિત કરવામાં આવશે.

10) એવું જોવા મળે છે કે ઘણા વિદ્યાર્થીઓ યુ.પી.એસ.સી./જી.પી.એસ.સી. પરીક્ષામાં ભાગ લેતા રહે છે અને તેઓ સફળ ન થાય ત્યાં સુધી અથવા તેમના પ્રયત્નોની સંખ્યા સમાપ્ત થતી નથી અથવા વય મર્યાદા પુરી ન થાય ત્યાં સુધી અમુક સમય માટે તૈયારી કરવાનું ચાલુ રાખે છે. આવી પરિસ્થિતિમાં, જેઓ યુ.પી.એસ.સી. / જી.પી.એસ.સી.ના પ્રિલીમ પરીક્ષાનું પરિણામ જાહેર થયા પછી પણ આગળના અભ્યાસક્રમ માટે ચાલુ રહેવાની ઇચ્છા રાખે છે, તેઓને અલગ પ્રવેશ તરીકે ગણવામાં આવશે અને આગામી અભ્યાસક્રમ માટે તે પ્રમાણે અભ્યાસક્રમ ફી / હોસ્ટેલ ફી લેવામાં આવશે.

મેનેજમેન્ટ CENT / આઈગેટ ના આદેશ થી,

(આનંદ જોષી)
કોર્સ ડિરેક્ટર, C1/2020
આઈગેટ ટ્રેનિંગ સેંટર, ડી.જે.એમ.આઇ.ટી. / CENT કેમ્પસ ,
આણંદ

નકલ જાણ સારૂ - ઇ-મેઇલ દ્વારા
1) ચેરમેન શ્રી CENT / ડિરેક્ટર, આઈગેટ / ડિરેક્ટર એડમિન
2) એક્ઝીક્યુટીવ ડિરેક્ટર (એડમિન)
3) એકાઉન્ટ વિભાગ / આઈગેટ - એડમિન સેલ - (હાર્ડ કોપી)
4) સિલેક્ટ ફાઇલ - આઈગેટ - C1/2020